# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૮/૦૬/૨૦૧૮ થી તા.૨૪/૦૬/૨૦૧૮

**અખબારી યાદિ તા.૨૦/૦૬/૨૦૧૮**

**"પતિ-પત્નિ ઔર વો" ના ચકચારી વિરમગામ ખૂનના ગુન્હાનો ખૂંખાર પેરોલ જમ્પ કાચા કામના કેદિને ઝડપિ પાડતી અમદાવાદ ગ્રામ્ય, પેરોલ ફર્લો સ્કોડ અને એલ.સી.બી.**

..................................................................................

**જીલ્લામાં અસામાજીક પ્રવૃતિ અને ગુન્હાખોરી** ઉપર અંકુશ મેળવવાના હેતુસર ઇન્ચાર્જ જીલ્લા પોલીસ વડા શ્રી વી.કે. નાયી સાહેબ નાઓએ ગુન્હામાં **નાસતા-ફરતા અને પેરોલ/ફર્લો જમ્પ આરોપીઓ પકડવા ખાસ ડ્રાઇવનુ આયોજન કરેલ તેના** ભાગરૂપે એલ.સી.બી ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી એન.બી.બારોટ, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ. શ્રી, આઇ.એમ. ઝાલા, અને એલ.સી.બી. ટીમે નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓના આશ્રય સ્થાન સંબેધની ઝીણામાં જીણી માહિતિ એકઠી કરી બાતમીદારો સક્રિય કરેલ તેના ફળ સ્વરૂપે પો.કો. ઘનશ્યામભાઇ ભરવાડ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ અને પેરોલ ફર્લો સ્કોર્ડ તથા એલ.સી.બી ટીમે
વિરમગામ ટાઉન પોસ્ટે.ના ચકચારી ખૂનના ગુન્હાના પેરોલ જમ્પ આરોપીને પાટણ જીલ્લાના ધારપુર ખાતેથી ભારે જહેમતથી ઝડપી પાડેલ

**ખૂનના ગંભીર ગુન્હાનો ખૂંખાર કાચા કામનો પેરોલ જમ્પ કેદિ ઝડપાયો**

(૧) દિપકભાઇ ઉર્ફે દિલો સુરેશભાઇ ઠાકોર રહે. વિરમગામ

ઉક્ત કેદિ મધ્યસ્થ જેલ સાબરમતિ, અમદાવાદ ખાતે વિરમગામ ટાઉન પો.સ્ટે નોધાયેલ ખૂનના ગુન્હામાં કાચા કામના કેદિ તરીકે જેલમાં હતો દરમ્યાન દિન- ૭ ના પેરોલ રજા ઉપર છૂટેલ અને તેને તા.૦૨/૦૬/૧૮ ના રોજ જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ હાજર થયેલ નહિ અને પેરોલ જમ્પ રહેલ જેથી પેરોલ રજા દરમ્યાનના જણાવેલ સરનામે તપાસ કરતા પાટણ જીલ્લાના ધારપુર ખાતે રહેતો હોવાની બાતમી મળેલ જે આધારે આરોપીને ઝડપી મધ્યસ્થ જેલ સાબરમતિ ખાતે મોકલી આપેલ છે.

## અખબારી યાદિ તા.૨૦/૦૬/૨૦૧૮

### રૂ.૧૮,૦૦૦/-ની કિંમતના પરપ્રાંતિય દારૂ નો જથ્થો ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી.

.................................................................................

જીલ્લામાં દારૂ –જૂગાર જેવી અસામાજીક પ્રવૃતિ ઉપર અંકુશ મેળવવાના હેતુસર ઇન્ચાર્જ જીલ્લા પોલીસ વડા શ્રી વી.કે. નાયી સાહેબ નાઓએ જીલ્લાના અધિકારીઓને ખાસ સૂચના કરેલ જેના ભાગરૂપે એલ.સી.બી ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી એન.બી.બારોટ, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ. શ્રી, આઇ.એમ. ઝાલા, અને એલ.સી.બી. ટીમે પો.કો. ભરતસિહ ગોળ અને પો.કોન્સ ઇન્દ્રજીતસીહ વાઘેલા નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે બાવળા ટાઉન જૂની પંજાબ બેન્ક નજીક પાંચ વખાર ખાતેના ચીરાગભાઇ ઉર્ફે ગડો દિપાજી ઠાકોર રહે સદરના કબ્જા ભોગવટાના મકાન માંથી ભારતિય બનાવટના વિવિધ માર્કાના રપ્રાંતિય દારૂની ૭૫૦ મી.લી.ની બોટલ નંગ- ૩૬ કિ.રૂ. ૧૮૦૦૦/- નો દારૂનો વિપુલ જથ્થો પકડી બાળવા ખાતે ગુન્હો રજી કરાવી આરોપી- ચીરાગ ને પકડવા ચક્રો ગતીમાન કરેલ છે.

## પ્રેસ નોટ

### પ્રેમમાં આડખીલી રૂપ સ્કુલના ટ્રસ્ટીની બેરેહમીથી હત્યા કરી લાશને સળગાવી પુરાવાનો નાશ કરનાર આરોપી તથા મરનારની પત્નીની ઘડીના પળમાં ધરપકડ કરતી વિવેકાનંદનગર પોલીસ

અત્રેના વિવેકાનંદનગર પો.સ્ટે. ફસ્ટ. ગુ.ર.નં. ૩૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨,૨૦૧ મુજબનો ગુન્હો તા.૧૯/૦૬/૨૦૧૮ ના કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે મોજે અમદાવાદ મહેમદાવાદ હાઇ-વે રોડ ઉપર ખારી નદીના પુલ નીચે બનવા પામેલ જે ગુન્હો તા.૧૯/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૧૫ વાગ્યે જાહેર થવા પામેલ અને સદર ગુન્હાના કામે કોઇ અજાણ્યા માણસોએ આ કામે મરણ જનાર અજાણ્યા પુરૂષ ઉ.વ. આશરે ૩૮ નાને કોઇ કારણોસર શરીરે તીક્ષ્ણ હથિયારના ઘા મારી ગંભીર ઇજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવી લાશને સળગાવી પુરાવાનો નાશ કરી ગુન્હો કર્યા વિ.બાબતેની ફરિયાદ આધારે ઉકત ગુ.ર.નં. કલમથી ગુન્હો દાખલ થવા પામેલ જે આધારે મે. ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય તથા ના.પો.અધિ.શ્રી સાણંદ વિભાગ, સાણંદ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ અમો એમ.એસ.અસારી પો.સ.ઇ. વિવેકાનંદનગર તથા સ્ટાફના માણસો ASI મોહનભાઇ લવજીભાઇ બ.નં. ૧૦૦૬ તથા આ.પો.કો. ઇન્દ્રવિજયસિંહ માલદેવસિંહ બ.નં. ૧૭ વિગેરે સાથે વણશોધાયેલ મરણ જનાર પુરૂષના વાલીવારસની તપાસ કરતા ખાનગી બાતમીદારોથી હકીકત મળેલ કે, આ મરણ જનાર હરેશભાઇ પટેલ રહે. અર્બુદાનગર અમદાવાદ નાઓ છે. જેઓને કર્ણાવતી નરોડા અમદાવાદ ખાતે વિવેકાનંદ હાઇસ્કુલ આવેલ છે. તેવુ જાણવા મળતા અર્બુદાનગર અમદાવાદ ખાતે જઇ તપાસ કરતા વણશોધાયેલ અજાણ્યા પુરૂષની લાશની ઓળખ થતા મરણ જનાર હરેશભાઇ શાંતીલાલ પટેલ રહે.મકાન નં. ઇ-૬૫૫, અરનાથ વિભાગ, અર્બુદાનગર અમદાવાદ નાઓની લાશ છે. તેની ઓળખ થયેલ

સદર ગુન્હના કામે મરણ ગયેલ અજાણ્યા પુરૂષની લાશની ઓળખ થયા બાદ સ્થાનીક પોલીસને ખાનગી રાહે હકીકત મળેલ કે, મરણ ગયેલ હરેશ પટેલની પત્ની રેખાને તેની પાડોશમાં રહેતા નિતીન મરાઠી સાથે છેલ્લા એકાદ વર્ષથી પ્રેમસબંધ ચાલતો હોય જેથી મરનારની પત્ની રેખાના પ્રેમી નિતીન મરાઠીએ હરેશ

પટેલનું ખુન કરેલ છે. તેવી ખાનગી બાતમી આધારે નિતીન મરાઠીની અમદાવાદ શહેર ઇસનપુર,ખોખરા,નિકોલ,ઓઢવ વિગેરે અલગ અલગ જગ્યાએ શોધખોળ કરી તાત્કાલીક પકડી પાડી પુછપરછ કરતા સદર ગુન્હાની કબુલાત કરતા આરોપી (૧) નિતીન વસંતભાઇ સોનકુશરે રહે.અર્બુદાનગર,અમદાવાદ તથા સહ આરોપી મરનારની પત્ની (૨) રેખા w/o હરેશભાઇ પટેલ તથા (૩) દર્શિત વસંતભાઇ પંડયા રહે. ખોખરા અમદાવાદ નાઓને પકડી પાડી વણશોધાયેલ ગુન્હો ઘડીના પળમાં શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી તથા સ્થાનીક પોલીસ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉક્ત સારી અને પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

*(વી.કે.નાયી)*
*ઇ/ચા.પોલીસ અધિક્ષક*
*અમદાવાદ રૂરલ અમદાવાદ*